Volume-4, Issue-12, December 2017 ISSN: 2349-7637 (Online)

**RESEARCH HUB – International Multidisciplinary Research Journal (RHIMRJ)**

Research Paper

Available online at: www.rhimrj.com

# ઉત્તર ગુજરાતનું દેવી સ્થાનક ઊંઝા અને તેનું શિલ્પ સ્થાપત્ય

**ડૉ. વનરાજસિંહ ચાવડા**

**એમ.એ., પી.એચ.ડી.**

***Abstract:*** *પ્રસ્તુત લેખમાં ઉત્તર ગુજરાતમાં આવેલ ઊંઝાના ઉમિયા માતાના મંદિરના શિલ્પ સ્થાપત્યની ચર્ચા કરવામાં આવી છે. સાથે સાથે મંદિરની ઐતિહાસિકતાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. લાખો કરોડો ભક્ત જનોનું આસ્થાનું કેન્દ્ર ઊંઝા મંદિર રહ્યું છે. આ લેખમાં ઉમિયા માતાના મંદિરનું સ્થાપત્ય કલા, મંદિરનું બાંધકામ, મંદિરની અંદરની ધર્મશાળા અને કલાત્મક દ્રષ્ટિએ મંદિરનું અવલોકનની વિગતે ચર્ચા કરવામાં આવી છે.*

***Keywords:*** *સ્થાપત્ય-કલા, મંદિરનું બાંધકામ, મંદિરની અંદરની ધર્મશાળા, દષ્ટિએ મંદિરનું અવલોકન*

## ૧.૧ પ્રસ્તાવના

ઊંઝા ખાસ કરીને બે બાબતોથી દુનિયામાં પ્રખ્યાત છે. એક તો કડવા પાટીદાર કુળદેવી મા ઉમિયાનું સ્થાન છે, જે આખી દુનિયાના કડવા પાટીદારોને આકર્ષે છે. ભીજું ઊંઝાનું માર્કેટ યાર્ડ જે જીરા, વરિયાળી, ઈસબગુલ માટે લગભગ આખી દુનિયામાં પ્રખ્યાત છે. ઊંઝા ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લાનું એક રમણીય નગર છે. વિસનગરથી આશરે ૨૪ કિ.મી. દૂર આવેલું છે. કોઈપણ માણસ ઊંઝાથી પસાર થાય તો તેના માટે ઊંઝા અજાણ્યું રહેતું નથી. માણસ ઊંઘતા હોય તો પણ રોડ રસ્તે કે ટ્રેન રસ્તે ઊંઝા આવે કે તેને જીરાની સોડમ જગાડી દે છે. અમદાવાદ દિલ્હી રેલ્વે લાઈન ઉપર ઊંઝા સ્ટેશનઆવે છે. આ નગર મા ઉમિયાના દર્શન આવતા યાત્રીથી અને માર્કેટ યાર્ડના જીરાવરિયાળીના ધમધમતા વેપાર માટે વેપારીઓથી ધમધમતું રહે છે. આથી ઊંઝાથી પસાર થનાર કોઈપણ વ્યકિત ઊંઝાના મા ઉમિયાથી અજાણ નથી.

## ૧.૨ ઉમિયા માતાના મંદિરનું સ્થાપત્ય-કલા

હાલ કડવા પાટીદારની કુળદેવી તરીકે ઓળખાતી અને મા પાર્વતીના મંદિરને ઉમિયા માતાજી તરીકે ઓળખવામાં અને પૂજવામાં આવે છે. આની સ્થાપના વિ.સં. ૧૫૬માં થયેલ હતી. ગામી શાખાના વેગડા પટેલે વિ.સં. ૧૧૨૨માં માગશર સુદ- ૨ના દિવસે આ મંદિરની શરૂઆત કરી હતી. વિ.સં. ૧૧૨૪ ચૈત્ર માસમાં પૂરું કર્યું. વિ.સં. ૧૩૫૬માં અલ્લાઉદ્દીન ખલજીએ આ મંદિરને ધરાશાયી કર્યું હતું. કડવા પાટીદારોએ ૧૮૬૫માં ફાળો ઉઘરાવીને આ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો. દર વર્ષે કારતક સુદ-૧ નવા વર્ષના દિવસે તેમજ વસંતપંચમી વખતે મેળા જેવું વાતાવરણ હોય છે. આ માતાજીના નામ ઉપરથી ઉમાપુર ત્યારબાદ ઊંઝાના નામથી આ નગરનો વસવાટ અહીં થયેલો એવી માન્યતા છે.

વિ.સં. ૧૩૦૦ બાદ મોગલોના સમયે અલ્લાઉદ્દીન ખલજીના સૂબા ઉલુઘખાને માતાજીનું મંદિર તોડ્યા વિશે આગળ જોયું તે પ્રમાણે ત્યારબાદ ૧૮મી-૧૯મી સદી દરમિયાન અંગ્રજી અમલમાં પ્રમાણમાં શાંતિનો સમય રહ્યો. ત્યારે પાટીદારો માતાજીનું ઈંટ-ચૂનાનું મંદિર બનાવી માતાજીની પૂજા કરતા હતા. આ ઈંટ ચૂનાનું મંદિર ક્યારે અને કોણ બનાવ્યું તે વિશે કંઈ માહિતી ઉપલબ્ધ નથી. આ મંદિરનો કિલ્લો વિ.સં. ૧૮૭૩માં ખાતમૂહર્ત કરી બનાવવાનું શરૂ થયું, જે સંવત ૧૮૭૯માં કિલ્લાનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું. આ કિલ્લામાં ઊંઝાના તળાવમાં આવેલી વાવના પથ્થરો જડવામાં આવ્યા છે. હાલ ગામ તળાવની વાવ દટાઈ ગઈ છે. આ કિલ્લામાં પૂર્વ-પશ્ચિમ અને ઉત્તરે એમ ત્રણ દરવાજા બનાવવામાં આવ્યા હતા. કિલ્લામાં છ બુરજ અને તેમાં એક બારી મૂકવામાં આવી છે.

## ૧.૩ જગપ્રસિદ્ધ શ્રી ઉમિયા માતાજીના મંદિરનું બાંધકામ

શ્રી ઉમિયા માતાજીના ઈંટ-ચૂનાના મંદિરની જગ્યાએ નવીન પથ્થરનું મંદિર વિ.સં. ૧૯૪૩ (ઈ.સ. ૧૮૮૭) માં તૈયાર કરવામાં આવ્યું છે. હિંદુસ્તાનમાં મોગલ સમયના અસ્ત સાથે અને અંગ્રેજોના સમયની શરૂઆતથી શાંતિની શરૂઆત થઈ. આ સમયે ઊંઝા-પાટણ રાજ્યના અસ્તથી ગાયકવાડી રાજ્યના એકભાગ તરીકે હતું. ગાયકવાડી રાજાઓ પ્રજાવત્સલ હતા. આ વખતે મહારાજા સયાજીરાવ વડોદરાના રાજા હતા.



આ શાંતિના સમયમાં કડવા પાટીદારોની માતાજીના દર્શને આવવાની પ્રવૃત્તિ વધી. લોકોમાં મંદિરનું પુનઃ નિર્માણ કરવાનો ખ્યાલ ઊભો થવા લાગ્યો. આ વખતે અમદાવાદના માઈભક્ત શ્રી રામચંદ્ર મનસુખલાલના હૃદયમાં મંદિરનો સુધારો કરવાની ઇચ્છા જાગી. તેમણે કડવા પાટીદાર જ્ઞાતિના જુદા જુદા વિસ્તારોના આગેવાનોની એક સભા વિ.સં. ૧૯૧૬ (ઈ.સ. ૧૮૬૦)માં બોલાવી. આ સભામાં પાટડી, વિરમગામ, અમદાવાદ, વડોદરા, ભરૂચ, સુરત, કડી, ખાનદેશ, નિમાડ, કાઠિયાવાડ અને કચ્છ તેમજ જ્યાં જ્યાં કડવા પાટીદારો વસતા હોય તે તમામ સ્થળોએથી મંદિરના પુનઃ નિર્માણ માટે ઉઘરાણું કરવા કરાવવામાં આવ્યું. ઉઘરાણું થતાં એક લાખ રૂપિયાનો ફાળો એકઠો થયો. ત્યારે મંદિરના પુનઃ નિર્માણનું કામ માઈભક્ત પટેલ રામચંદ્ર મનસુખરામને વિ.સં. ૧૯૨૧ (ઈ.સ. ૧૮૬૫) માં સોંપવામાં આવ્યું. તેમણે જૂનું ઈંટ ચૂનાનું મંદિર ઉત્થાયીને આજનું પથ્થરનું મોટું શિખરબંધ દેવાલય બનાવ્યું. તેમણે જૂનું ઈંટ ચૂનાનો ઘુમ્મટવાળો ભાગ, ચોકીઓ, મંદિર નીચેનું ભોંયરુ અને પરથાળ તૈયાર કરાવ્યો. આટલેથી નાણાં ખૂટતા કામ અધુરું રહ્યું. શ્રી રામચંદ્ર મનસુખરામની પ્રતિમા મંદિરમાં હાલ મોજુદ છે.

આ અટકી પડેલ કામ રાવબહાદુર બહેચરદાસ અંબાઈદાસ લશ્કરીએ પુનઃ શરૂ કર્યું. ગાયકવાડી રાજ્યમાં તેમની વગ હતી. મહારાજ શ્રી સયાજીરાવ ગાયકવાડ વિ.સં. ૧૯૩૮ (ઈ.સ. ૧૮૮૨)માં જ્યારે કડી પ્રાંતની મુલાકાતે આવેલા ત્યારે શ્રી ઉમિયા માતાજીના મંદિરે પણ પધાર્યા હતા. શ્રી બહેચરદાસ લશ્કરીએ મંદિરનું કામકાજ આગળ ચલાવવા તા. ૧૮-૧-૧૮૮૩ના રોજ કડવા પાટીદારોના ૪૦૦ આગેવાનોને અમદાવાદ પોતાને ત્યાં તેડવ્યા. આ મિટિંગમાં રૂા. ૫,૨૮૬નો ફાળો થયો. પાટડી દરબારે રૂા. ૧૦૦૧/- આપ્યા. તેમજ હાજર આગેવાનો સિવાયના અન્ય ગામોમાં થઈ રૂા. ૨૦૦૪/ -નો ફાળો થયો. તે સિવાય પણ બીજો ફાળો મળી કુલ રૂા. ૧૧,૫૦૦/- જેવી રકમ એકઠી કરવામાં આવી. મંદિરના અધૂરા રહેલા બાંધકામને આગળ ધપાવવા માટે વિ.સં. ૧૯૪૦ના અષાઢ સુદ-૨ના રોજ કડવા પાટીદાર જ્ઞાતિના આગેવાનોની મિટિંગ બોલાવી પંચની રચના કરવામાં આવી.

આ સમિતિની દર ત્રણ મહિને મિટિંગ થતી. દર વર્ષે એકવાર જનરલ મિટિંગ થતી. હિસાબો અને બાંધકામની દેખરેખ રાખવામાં આવતી. આ બાંધકામમાં ગાયકવાડ સરકાર તરફથી કડી પ્રાંતના સૂબા મારફતે તા. ૨૬-૧૨-૧૮૮૩ના રોજ રૂા. ૧૫૦૦ પ્રજાવત્સલતા અને મા ઉમિયાના ભકિતભાવરૂપે મોકલવામાં આવ્યા. તા. ૨૫-૧-૧૮૮૪ની મિટિંગમાં બાંધકામ માટે ઘરદીઠ એક રૂપિયો ઉઘરાવવા ઠરાવ્યું. જેમાં ખર્ચનો રૂા. ૧૩,૦૧૫નો અંદાજ રજૂ થયો. બાંધકામ ચાલુ થયું. આજના મંદિરનું પથ્થરોના શિલ્પ, નકશીકામ વગેરેનું માળખું તૈયાર થવા લાગ્યું. દેવાલય ફરતે ૨૫ ફૂટની જગ્યા છૂટ મૂકી પથ્થર-ચૂનામાંથી વિશાળ ધર્મશાળા રૂા. ૧૭,૫૩૮ના ખર્ચે બાંધવામાં આવી.

☞ **મંદિરની અંદરની ધર્મશાળા :**

મંદિર ફરતે ૨૫ થી ૩૦ ફૂટની જગ્યા રાખી ધર્મશાળા બનાવી.

ધર્મશાળાની લંબાઈ - પૂર્વ-પશ્ચિમ ૧૮૫ ફૂટ

ઉત્તરે પહોળાઈ - ૧૬૦ ફૂટ

દક્ષિણે પહોળાઈ - ૧૪૮ ફૂટ

ખર્ચ રૂા. - ૧૭,૫૩૮/-

ધર્મશાળાના ૬૧ વિભાગ, ૩ મહેલદાર દરવાજા, ચોમેર કિલ્લેબંધી.

થાંભલા કમાનો-ભોંયતળિયે પથ્થર જડેલો છે. ધર્મશાળા પર મજબૂત ધાબું કરી અગાશી છે. ચાર ખૂણે ચાર ઘુમ્મટ. પૂર્વ તરફના દરવાજે ૨૨ ૧૧ ફૂટની ઓરડી છે. જે માતાજીના ગવૈયાઓ માટે અને ચોઘડિયાં વગાડવા ઉપયોગમાં લેવાય છે.

મંદિરના બાંધકામના ઈજનેર તરીકે મિસ્ત્રી મગનલાલ મનસુખરામ હતા. વહીવટી કારકૂન તરીકે દવે ગણપતરામ લલ્લુરામ હતા. વિ.સં. ૧૯૪૩માં મંદિરનું કતામ પૂર્ણ થયું. તેનું વાસ્તુપૂજન તા. ૬-૨-૧૮૮૭ના રોજ કડી પ્રાંતના સૂબાની હાજરીમા થયું. નામદાર શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી માતાજીને કિંમતી પોષાક ભેટ ધરવામાં આવ્યો હતો. આ કાર્ય પૂર્ણ કરવા માટે ગાયકવાડ સરકારે શ્રી બહેચરદાસ લશ્કરીને રાજ્ય તરફથી શાલ, ભેટો અને પાઘડી ભેટ આપવામાં આવી હતી. આ દિવસે કડવા જ્ઞાતિના દસ હજાર લોકોની હાજરીમાં દેવાલય પર ઊંઝાના મોલ્લોત શ્રી નાગરદાસ ઉગરદાસ પટેલ તરફથી સોનાનું શિખર ચઢાવવામાં આવ્યું હતું. જેનો રૂા. ૨,૦૦૦નો ચડાવો થયો હતો. બાંધકામ અંગેની સર્વ વિગત દર્શાવતો આરસનો શિલાલેખ હાલ મોજૂદ છે.

ઊંઝા વિસ્તારમાં તે વખતે પાણીની અગવડ ઘણી હતી. યાત્રીઓ માટે પાણીની સગવડ પણ જરૂરી છે. તે માટે આ બાંધકામ સમિતિએ વિ.સં. ૧૯૪ના ચૈત્ર સુદમાં તા.૧-૪-૧૮૮૭ના રોજ કડી પ્રાંતના સૂબા શ્રી રામચંદ્ર ગોપાલદાસ દેશમુખજીના વરદ્હસ્તે માનસરોવર બાંધવાનું ખાતમૂહુર્ત ૧૫,૦૦૦ ભાવિકોની હાજરીમાં કરાવ્યું હતું. મંદિરના ઈશાન ખૂણે ૧૨૦ ફૂટની પહોળાઈ, લંબાઈ અને ૫૬ ફૂટની ઊંડાઈનું આ ભવ્ય માનસરોવર બનાવવામાં આવ્યું. તેની પશ્ચિમ દિશાએ ૭ ફૂટ પહોળું અને ૨૮ ફૂટ ઊંચું શિવાલય પણ આ માનસરોવરમાં બનાવ્યું. કામ પૂર્ણ થાય તે પહેલાં શ.બ.શ્રી બહેચરદાસ લશ્કરી સ્વર્ગવાસી થયા અને બાકીનું કામ તેમના સુપુત્ર શ્રી શંભુપ્રસાદે પૂર્ણ કરાવ્યું. માનસરોવર વિ.સં. ૧૯૫૧ (ઈ.સ. ૧૮૯૫)માં તૈયાર થયું. આ માનસરોવરનો પણ શિલાલેખ મોજુદ છે.



**ઉમિયા મંદિરનું શિલ્પ સ્થાપત્ય**

## ૧.૩ કલાત્મક દૃષ્ટિએ મંદિરનું અવલોકન

શ્રી ઉમિયા માતાજી મંદિર ઊંઝામાં ભવ્ય ઉમિયા માતાનું મંદિર આવેલું છે. આ મંદિરની કોતરણી ચૌલુક્ય શૈલીની છે. મંદિરની ચારેબાજુ ઝીણી કોતરણી તેમજ અલગ અલગ દેવ-દેવીઓની પ્રતિમા કોતરેલી છે. મંદિરના પ્રવેશદ્વારમાં પ્રવેશતા જ પ્રથમ વચમાં કઠેડો આવેલો છે. જેમાં આવવા-જવાની સગવડ કરેલી છે. ત્યાં આજુબાજુ બે સિંહની મૂર્તિઓ મૂકવામાં આવેલી છે. આ બાજુમાં ૧૫ પગથિયા આવેલા છે. મંદિરમાં મૂર્તિની બાજુને બાદ કરતા બીજી ત્રણેય બાજુએ દરવાજા આવેલા

છે અને ત્રણેય બાજુ પગથિયા છે. દરેક દરવાજા પર અલગ અલગ દેવ-દેવીઓની મૂર્તિ નીચે નામ કોતરેલા છે. દરેક દરવાજો અને કઠેડો ચાંદીનો બનાવવામાં આવેલ છે.

### ૧.૪.૧ મૂર્તિ સામેની બાજુનો મુખ્ય દરવાજો

મૂર્તિની સામેની બાજુ મુખ્ય દરવાજો આવેલો છે. આ દરવાજામાં ડાબી બાજુએ વિષ્ણુ ભગવાન અને જમણી બાજુ મહાદેવજીની પ્રતિમા કોતરેલ છે. આ ઉપરાંત આજુબાજુના બીજા બે ગૌણ દરવાજામાં ડાબી બાજુએ શ્રી બ્રહ્મચારિણી દેવી, શ્રી ચંદ્રઘંટાદેવી, શ્રી કુષ્ણાદેવી અને શ્રી સ્કંદમાતાજી એમ ચાર પ્રતિમા તેમજ જમણી બાજુએ શ્રી કાત્યાયની દેવી, શ્રી મહાગૌરી દેવી અને શ્રી સિદ્ધિદાત્રી દેવીની પ્રતિમા છે.

### ૧.૪.૨ મૂર્તિની ડાબી બાજુનો દરવાજો

આમ જોઈએ તો આ બાજુ મંદિરની ડાબી બાજુ ગણવામાં આવે છે. પરંતુ યાત્રીઓ તો આ દરવાજાથી જ માતાજીના દર્શને આવે છે. આ બાજુમાં કુલ ૧૮ પગથિયાં આવેલા છે. પગથિયા પછી બહારની બાજુમાં ડાબી બાજુ શ્રી સોંકરી માતા અને જમણી બાજુ શ્રી બ્રાહ્મી માતાના નાના ગોખ દિવાલમાં કોતરેલા છે.

### ૧.૪.૩ મૂર્તિની જમણી બાજુનો દરવાજો

મૂર્તિની જમણી બાજુના દરવાજામાં ડાબી બાજુએ શ્રી ભૈરવનાથ, શ્રીચંદ્રદેવ, શ્રી મંગળદેવ અને શ્રી રાહુદેવ તથા જમણી બાજુ જય શ્રી રામચંદ્ર ભગવાન, શ્રી સંતોષી માતાજી, શ્રી ચામુંડા માતાજી, શ્રી અન્નપૂર્ણા માતાજીની પ્રતિમા કોતરેલ છે.

### ૧.૪.૪ ઘુમ્મટ પરની કોતરણી :

મંદિરમાં પ્રવેશ કરતાં જ મન ખુશ થઈ જાય છે. મંદિરમાં પ્રવેશ કરતાં જ ઉપરની બાજુએ ખૂબ જ નયનરમ્ય ઘુમ્મટ આકારે છત આવેલી છે. આ ઘુમ્મટની વચમા એક સુંદર ઝુમ્મર લટકાવેલ છે. આ ઉપરાંત આ ઘુમ્મટમાં ઝીણી ઝીણી કોતરણી કોતરેલ છે. તેની કોતરણીમાં થોડે થોડે અંતરે એમ વર્તુળાકારે મૂર્તિઓ પણ કોતરેલ છે. આ ઉપરાંત મંદિરની સૌથી બહારની બાજુએ દરવાજા હોય, એવા આકારે દિવાલની કોતરણી કરેલ છે. મંદિરની ટોચ પર ધ્વજા ફરકે છે ત્યાં ટોચ પર પણ ચૌલુક્ય શૈલીમાં કોતરણી કોતરેલ છે. આ કોતરણી એવી તો નયનરમ્ય અને આહ્‌લાદક છે કે જોનારને જોતાંવેત જ આંખોમાં વસી જાય. આમ ઉમિયા માતાના મંદિરનું કલાત્મક દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વ છે.

વર્ષ ૧૮૨૫માં મા ઉમિયાની પ્રતિમા પુનઃ તેજોમયી. વર્ષોથી શ્રી માતાજી સમક્ષ કોઈ યજ્ઞ થયો ન હોવાથી તે અંગે માઈભક્તોમાં રંજ હતો. ઊંઝામાં રોજ રાત્રે ભજનકીર્તન કરતા માઈ મંડળે ઈ.સ. ૧૯૭૬માં શ્રી ઉમિયાજીની પ્રસન્નતા અને પ્રતિમામાં પુનઃ પ્રાણ સંચાર કરવા માટે એક નાનો યજ્ઞ કરવાનો વિચાર પ્રસ્થાનના પૂજારી સમક્ષ મૂક્યો હતો. જેને શ્રી સંસ્થાન, ઊંઝાના પાટીદારો અને સર્વજ્ઞાતિએ વધાવી લેતાં માત્ર ચાર જ મહિનામાં ઐતિહાસિક '૧૮મી શતાબ્દી મહોત્સવ'નું આયોજન થઈ ગયું. વર્ષ ૨૦૦૯ની ૨૫મી નવેમ્બરથી આરંભ થયેલા '૧૮મી શતાબ્દી મહોત્સવ'માં ક્યાંથી ભંડોળ એકત્ર થયું, કેવી રીતે વાહન વ્યવહાર માટે એસ.ટી. બસ અને વિશેષતઃ રેલ્વે જેવી સરકારી વ્યવસ્થા ગોઠવાઈ તે અંગે બધું જ આપોઆપ ગોઠવાઈ જતું હતું. કડવા પાટીદારોમાં મા ઉમાના ઓલિયા ભગત તરીકે ઓળખાતા વયોવૃદ્ધ મણીભાઈ ઈ. પટેલ 'મમ્મી'એ ૩૩ વર્ષ પૂર્વેના મહોત્સવની સ્મૃતિઓને ઢંઢોળતા 'સંદેશ'ને જણાવ્યું હતું કે, "તે સમયે માત્ર મહેસાણા કે ઉત્તર ગુજરાત, અમદાવાદના જ કડવા પાટીદારો નહીં પરંતુ ગુજરાતભરમાંથી ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાંથી જ્ઞાતિબંધુઓ મા ઉમાને ખોળે માથું ટેકવવા ઉમટી પડ્યા હતા." વર્ષ ૧૯૭૬ ઊજવાઈને સમયચક્રમાં અવિસ્મરણીય ક્ષણ રૂપે અંકિત થયેલા ૧૮મી શતાબ્દી મહોત્સવની ૨૮ની નવેમ્બરથી શરૂ થઈ રહેલી રજતજયંતિની ઉજવણી એ માત્ર કડવા પાટીદારોના ઉત્કર્ષની નહીં પરંતુ પ્રદેશ અને સમગ્ર માનવજાતનો મહોત્સવનો હતો.

### ૧.૫ ઉપસંહાર

આમ, મા ઉમિયાજી નું ઊંઝા ધામ ધાર્મિક દ્રષ્ટિએ વિશેષ મહત્વ ધરાવે છે અને તેના સ્થાપત્યની કલા અને ઐતિહાસિકતાના કારણે ભારતના મહાન મંદિરોમાં તેનું સ્થાન જોવા મળે છે.

### સંદર્ભ સૂચી

સીતારામ જે.પટેલ, શ્રી ઉમિયામાતાજી દર્શન, ઊંઝા, સં.૨૦૬૩.

મણિભાઈ પ્રજાપતિ, (સં.પા.) આદ્યશક્તિ જગજનની મા ઉમિયા, ઊંઝા, ૨૦૦૯, રામજીભાઈ સાવલિયા, ગુજરાતના પાટદારો, અમદાવાદ, ૨૦૦૭.

રોહડિયા સુદાન, કડવા પાટીદારોનો ઇતિહાસ, રાજકોટ, ૨૦૦૨; મહેસાણા ડિસ્ટ્રી.